# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૪ તા.૨૮-૦૭-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ઓગષ્ટ માસમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સામાયિક કસોટીના આયોજન બાબત.**

**સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૧/૨૦૭૩૫-૪૨ તા.૨૭-૦૭-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, કોવીડ-૧૯ સમય દરમ્યાન હોમ લર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર જુલાઈ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી(પ્રથમભાષા), ગણિત અને અંગ્રેજી વિષયની સામાયિક મૂલ્યાંકન કસોટીઅલ યોજાઈ ગયેલ.

ઓગષ્ટ-૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતો ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

- ઓગષ્ટ માસમાં **ધોરણ ૩ થી ૫ માં પર્યાવરણ અને ગણિત તથા ધોરણ ૬ થી ૮ માં સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન** વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.
- ઉપરોક્ત સામાયિક મૂલ્યાંકન કસોટીઓ **તા.૨૦-૦૮-૨૦૨૧ અને તા.૨૧-૦૮-૨૦૨૧ દરમ્યાન યોજવામાં** આવનાર છે. તા.૧૯-૦૮-૨૦૨૧ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૦-૦૮-૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ(www.gcert.gujarat.gov.in)પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે આ ઉપરાંત ગુજરાતી માધ્યમની કસોટી જે-તે વિષયના પાઠયપુસ્તકની અનુક્રમણિકા પર QR કોડ પરથી પણ મેળવી શકાશે.
- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- કસોટીની ઉત્તરવહીઓ તા.૦૧-૦૯-૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- લર્નીંગ આઉટકમને ધ્યાને લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | ધોરણ/વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધોરણ-૩ | ધોરણ-૪ | ધોરણ-૫ | ધોરણ-૬ | ધોરણ-૭ | ધોરણ-૮ |
| ૧ | પર્યાવરણ | પર્યાવરણ | પર્યાવરણ | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન |
| પ્રકરણ નંબર | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧ થી ૪ | ૧,૯,૨ | ૧,૧૦,૨ | ૧,૯,૨ |
| ૨ | ગણિત | ગણિત | ગણિત | વિજ્ઞાન | વિજ્ઞાન | વિજ્ઞાન |
| પ્રકરણ નંબર | ૧,૨ | ૧,૨ | ૧,૨ | ૧,૨ | ૧,૨,૩ | ૧,૨,૩ |

નોંધ :- અન્ય માધ્યમની કસોટીઓમાં ધોરણ-૮ સામાજિક વિજ્ઞાન (પ્રકરણ ૧ થી ૩ પ્રથમસત્ર) જૂના પાઠયક્રમ મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

સમગ્ર કસોટી દરમ્યાન કોવીડ-૧૯ની માર્ગદર્શિકાનું ચૂસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૮-૦૭-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2021 / 20735-42
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 27/ 07/ 2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ ઓગસ્ટ માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.
સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦
(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા. ૨૮/૦૭/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર જુલાઈ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી (પ્રથમભાષા) , ગણિત અને અંગ્રેજી વિષયની સામયિક મૂલ્યાંકન કસોટીઓ યોજાઈ ગયેલ.

ઓગસ્ટ -૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- ઓગસ્ટ માસમાં ધોરણ ૩ થી ૫ માં પર્યાવરણ અને ગણિત તથા ધોરણ ૬ થી ૮માં સામાજિક વિજ્ઞાન અને વિજ્ઞાન વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૦/૦૮/૨૦૨૧ અને તા.૨૧/૦૮/૨૦૨૧ દરમિયાન યોજવામાં આવનાર છે. તા.૧૯/૦૮/૨૦૨૧ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૦/૦૮/૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.
- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- કસોટીની ઉત્તરવહીઓ તા. ૦૧/૦૯/૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.

- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| અ.નં. | ધોરણ/ વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ધોરણ-3 | ધોરણ-4 | ધોરણ-5 | ધોરણ-6 | ધોરણ-7 | ધોરણ-8 |
| 1 | **પર્યાવરણ** | **પર્યાવરણ** | **પર્યાવરણ** | **સામાજિક વિજ્ઞાન** | **સામાજિક વિજ્ઞાન** | **સામાજિક વિજ્ઞાન** |
| પ્રકરણ નંબર | 1 to 4 | 1 to 4 | 1 to 4 | 1,9,2 | 1,10,2 | 1,9,2 |
| 2 | **ગણિત** | **ગણિત** | **ગણિત** | **વિજ્ઞાન** | **વિજ્ઞાન** | **વિજ્ઞાન** |
| પ્રકરણ નંબર | 1,2 | 1,2 | 1,2 | 1,2 | 1,2,3 | 1,2,3 |

નોંધઃ અન્ય માધ્યમની કસોટીઓમાં ધોરણ-૮ સામાજિક વિજ્ઞાન (પ્રકરણ ૧ થી ૩ પ્રથમસત્ર) જૂના પાઠ્યક્રમ મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

સચિવ
જીસીઈઆરટી
ગાંધીનગર

નકલ સવિનય રવાનાઃ

- માન. શિક્ષણસચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

નકલ રવાનાઃ

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ